email: citypulse@gujaratmitra.in

CITY પલ્સ
ગુજરાતમિત્ર
શુક્રવાર ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫






## 373 પ્રકારની પાઘડીઓ બાંધવાની અનોખી કલા ધરાવતા અધિકારી

# પાઘડી : શિર પરનું સન્માન

## સંસ્કૃતિ બચાવવાનું પસંદ કરનાર ધર્મરાજસિંહ વાઘેલા




### સંસ્કૃતિ માટે પીએસઆઇનો માર્ગ છોડ્યો

પોલીસ સબ ઇન્સ્પેક્ટર બનવાની તક હોવા છતાં શ્રી વાઘેલાએ પોતાની સંસ્કૃતિક રુચિને અનુસરી જિલ્લા યુવા વિકાસ અધિકારી બનવાનું પસંદ કર્યું. તેમની માન્યતા છે કે પાઘડી માત્ર શિરોભૂષણ નહીં, પરંતુ સન્માન, ઓળખ અને પરંપરાનું પ્રતીક છે, જેને જીવંત રાખવી આજની પેઢીની ફરજ છે.



### પાઘડીનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વ

લગભગ તમામ પ્રદેશો, ધર્મો અને જાતિઓમાં પાઘડીને સન્માનનું પ્રતીક માનવામાં આવે છે. પ્રાચીન કાળમાં યુદ્ધમાં પરાજિત યોદ્ધાની પાઘડી ઉતારવી અપમાન ગણાતી હતી. તે સમયે પાઘડીને ઉષ્ણીશ તરીકે ઓળખવામાં આવતી હતી. શાંતિના સમયમાં શિરોભૂષણ અને યુદ્ધમાં શિરસ્ત્રાણ તરીકે તેનો ઉપયોગ થતો. સાફાની પરંપરા ગાંધાર પ્રદેશ (આજનું અફઘાનિસ્તાન)માંથી ભારતમાં આવી હોવાનું માનવામાં આવે છે. પાઘડીના પ્રકારો અને બંધાવટ શિરોભૂષણના મુખ્ય પ્રકારોમાં પાઘ, પાઘડી, સાફો, ફેંટો શામેલ છે. સાફામાં માભો, વળ, છોગું અને ફગ જેવા ભાગો મહત્વ ધરાવે છે. વિવિધ પ્રાંતો, જાતિઓ અને પ્રસંગો અનુસાર બંધાવટ બદલાતી રહે છે.

**યુવાનો માટે પ્રેરણાસ્રોત |** વાઘેલાએ અત્યાર સુધી ૧૬ પ્રદર્શનો અને ૨૩ ટ્રેનિંગ કેમ્પો દ્વારા પાઘડી બાંધવાની કલા પ્રસારિત કરી છે. ૧૫ વર્ષની ઉંમરથી તેઓ યુવાનોને તાલીમ આપે છે. તેમના પાસેથી શીખેલા ૪૦ જેટલા યુવાનો આજે વ્યવસાયિક રીતે સાફા બાંધે છે. આર્થિક રીતે નબળા યુવાનોને કાપડ ખરીદી આપી તેમણે આત્મનિર્ભર બનવામાં પણ મદદ કરી છે.તેમનો આઠ વર્ષનો દીકરો ધ્રુવરાજસિંહ પણ હવે સાફો બાંધતા શીખી ગયો છે - જે પરંપરાના સંચાલનનો સુંદર દાખલો છે.







### ગુજરાતમાં પાઘડી : ઓળખ અને પરંપરા

એક સમય હતો જ્યારે ગુજરાતમાં પાઘડી પ્રદેશ અને જ્ઞાતિની ઓળખ હતી. વડોદરાની બાબાશાહી, સુરતી, અમદાવાદી, ઝાલાવાડી, ભાવનગરી, હાલારી, જૂનાગઢી, મોરબીશાહી જેવી પાઘડીઓ પ્રચલિત હતી. ભરવાડ, રબારી, ક્ષત્રિય, ભાટિયા, નાગર, પટેલ, દલિત સહિત દરેક જ્ઞાતિની પોતાની વિશિષ્ટ પાઘડી શૈલી હતી. આ તમામ પરંપરાઓને પિંગળશી ગઢવી અને જોરાવરસિંહ જાદવ જેવા ઇતિહાસકારોએ ગ્રંથસ્થ કરી છે.









### સોમનાથ મહાદેવને અર્પણ કરેલી વિશાળ પાઘડી

તેમણે અત્યાર સુધીની સૌથી મોટી પાઘડી ભગવાન શ્રી સોમનાથને અર્પણ કરી છે. ૭ મીટરના ઘેરાવાવાળા શિવલિંગ માટે ૨૦૦ મીટર કાપડ ખાસ પ્રિન્ટ કરાવી પાઘડી તૈયાર કરવામાં આવી હતી.






CREATIVE માઈન્ડ્સ

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગમાં ફરજ બજાવતા જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી ધર્મરાજસિંહ વાઘેલાએ એક અદભૂત અને દુર્લભ પરંપરાગત કલામાં મહારથ પ્રાપ્ત કર્યો છે. તેઓ પ્રાચીન કાળથી લઈ અર્વાચીન કાળ સુધી પ્રવર્તતી ૩૭૩ પ્રકારની પરંપરાગત પાઘડીઓ બાંધવાની કલા જાણે છે. સમગ્ર દેશમાં સૌથી વધુ પ્રકારની પાઘડી બાંધવાની કલા ધરાવતા તેઓ એકમાત્ર વ્યક્તિ છે.




### સૌથી કપરી કળા : કાઠિયાવાડી પાઘડી

વાઘેલા જણાવે છે કે ૯થી ૧૩ મીટરના પૂર્ણ પન્નાવાળા કાપડથી મોટાભાગની ગુજરાતી અને રાજસ્થાની પાઘડીઓ બાંધી શકાય છે. તેમા સૌથી વધુ કપરી અને કલાભરેલી શૈલી કાઠિયાવાડી પાઘડીની છે. વાઘેલાની યોજના છે કે તેઓ જાણતા તમામ ૩૭૩ પ્રકારની પાઘડીઓને કચ્છના પ્રાગ મહેલના મ્યુઝિયમમાં સંગ્રહિત કરશે.

